# બાળગીતો

# અઠવાડિયું

રવિ પછી તો સોમ છે,
ત્રીજો મંગળવાર,
ચોથો બુધ, ગુરુ પાંચમો,
છઠ્ઠો શુક્રવાર,
શનિવાર તે સાતમો,
છેલ્લો વાર ગણાય,
એમ મળી **અઠવાડિયું**,
સાત દિવસનું થાય.

# અડકો દડકો દહીં દડૂકો

અડકો દડકો દહીં દડૂકો,

પીલુ પાકે શ્રાવણ ગાજે,

ઊલ મૂલ ધંતૂરાનું ફૂલ,

સાકર શેરડી ખજૂર,

બાઈ તમારા છૈયા છોકરા,

જાગે છે કે ઊંઘે છે,

અસ મસ ને ઢસ!!!!

# આવ રે બહેન

આવ રે બહેન!...નહિ આવું.

તારી કોડઠીએ જાર,...નહિ આવું.

તારી ભેંસ વિયાણી,...નહિ આવું.

તારી પાડી રણકે,...નહિ આવું.

તારી માડી છણકે,...નહિ આવું.

તારો ભઇલો રડે,આ.....આવી!

# ઈચ્છાઓના લીટા

મનજીભાઈની નોટબુકમાં ઈચ્છાઓના લીટા,
થોડા ત્રાંસા, થોડા સીધા, થોડા આડા-ઊભા.
દિ' ઉપડે ને મનજીભાઈ તો
નીકળે સેર-સપાટે;
ના પાડો ત્યાં પહેલાં પ્હોંચે,
માને ના કોઈ કાળે,
સાંજ પડે ને થાક્યા-પાક્યા આવી પહોંચે પાછા...
મનજીભાઈ તો એના મનનું
ધારેલું કરવાના;
એની ચોટી છટકી ગઈ તો
નક્કી સૌ મરવાના,
ઢીલ જરી દીધી તો થઈ જાશે એ આઘા-પાછા...
મનજીભાઈને મળવાનું, ભઈ !
લાગે આમ તો સ્હેલું;
કોઈ ન જાણે કઈ ગલીમાં
ઘર એનું આવેલું,
પણ એના વિના તો નક્કામા છે સૌ સરનામા...

# એક બિલાડી જાડી

એક બિલાડી જાડી,
તેણે પહેરી સાડી,
સાડી પહેરી ફરવા ગઈ,
તળાવમાં તે તરવા ગઈ,
તળાવમાં તો મગર,
બિલ્લીને આવ્યા ચક્કર,
સાડીનો છેડો છૂટી ગયો,
મગરના મોઢામાં આવી ગયો,
મગર બિલ્લીને ખાઈ ગયો.

# એક હતી શકરી

એક હતી શકરી

એણે પાળી બકરી

શકરી ગઈ ફરવા

બકરી ગઈ ચરવા

ફરીને આવી શકરી

ભાળી નહીં બકરી

રડવા લાગી શકરી, એં એં એં,

આવી પહોંચી બકરી બેં બેં બેં

# કેવા હશે ?

મને કહોને પરમેશ્વર કેવા હશે ?
ક્યાં રહેતા હશે, શું કરતા હશે ?

ગગનની ઓઢણીમાં ચાંદા સૂરજને,
તારાને ગૂંથનારા કેવા હશે ? ... મને કહોને...

આંબાની ઊંચી ડાળે ચડીને,
મોરોને મૂકનાર કેવા હશે ? ... મને કહોને...

મીઠા એ મોરોના સ્વાદ ચખાડી,
કોયલ બોલાવનાર કેવા હશે ? ... મને કહોને...

ઊંડા એ સાગરનાં મોજાં ઉછાળી,
ઘૂ ઘૂ ગજાવનાર કેવા હશે ? ... મને કહોને...

મનેય મારી માડીને ખોળે,
હોંસે હુલાવનાર કેવા હશે ? ... મને કહોને...

# કેવું અનોખું છે મારું બાળપણ

પારણે ઝુલતું, આંબા ડાળે ડોલતું,
કેવું અદ્દભુત છે મારું બાળપણ.

મોજ-મસ્તી કરતું, ધીંગા મસ્તી કરતું,
કેવું અજાયબી છે મારું બાળપણ.

બગીચામાં ખીલતું, ફૂલોને ચુમતું,
કેવું વિચિત્ર છે મારું બાળપણ.

રમકડાંથી રમતું, લોકચાહના પામતું,
કેવું પ્રેમાળ છે મારું બાળપણ.

વડિલોને પૂજતું, નિત્ય પ્રાર્થના કરતું,
કેવું સુખ રૂપ છે મારું બાળપણ.

સારું ગ્રહણ કરતું, સુવિચાર આચરતું,
કેવું વિચારશીલ છે મારું બાળપણ.

# ગાતાં મીઠાં તારા ગાન

ઝીણાભાઈ દેસાઈ ‘સ્નેહરશ્મિ’

પરોઢિયે પંખી જાગીને,ગાતાં મીઠાં તારા ગાન;
પરોઢિયે મંદિર મસ્જીદમાં,ધરતાં લોકો તારું ધ્યાન.

તું ધરતીમાં, તું છે નભમાં,સાગર મહીં વસે છે તું;
ચાંદા સૂરજમાંયે તું છે,ફૂલો મહીં હસે છે તું.

હરતાં ફરતાં કે નીંદરમાં;રાતે દિવસે સાંજ સવાર,
તારો અમને સાથ સદાયે;તું છે સૌનો રક્ષણહાર,

દેવ, બનાવી દુનિયા છે તેં,તારો છે સૌને આધાર;
તું છે સૌનો, સૌ તારા છે,નમીએ તુજને વારંવાર.

# ચકલી ચોખા ખાંડે છે

ચકલી ચોખા ખાંડે છે,

પીતાંબર પગલાં પાડે છે.

બાઈ બાઈ,

તમારા હાથ કયાં ગયા

આ... રહ્યા !

# ચકીબહેન, ચકીબહેન

ચકીબહેન, ચકીબહેન, મારી સાથે રમવા
આવશો કે નહિ ? આવશો કે નહિ ?

ચક ચક ચણજે, ચીં ચીં કરજે,
ચણવાને દાણા આપીશ તને.
આપીશ તને.

બા નહિ વઢશે, બાપુ નહિ બોલશે,
નાનો બાબો તને ઝાલશે નહિ,
ઝાલશે નહિ.
બેસવાને પાટલો, સૂવાને ખાટલો,
ઓઢવાને પીંછાં આપીશ તને,
આપીશ તને...

પહેરવાને સાડી, મોરપીંછાંવાળી,
ઘમ્મરિયો ઘાઘરો આપીશ તને,
આપીશ તને....

# ચાંદા પોળી

ચાંદા પોળી

ઘીમાં ઝબોળી.

સૌ છોકરાંને

કટકો પોળી,

મારા વીરાને

આખી પોળી.

લેજે મોઢામાં..

હબૂ..ક પોળી !

# ચોખ્ખું ઘરનું આંગણું

ચોખ્ખું ઘરનું આંગણું

ચોખ્ખો ઘરનો ચોક;
ચોખ્ખો ઘરનો ઓટલો
ચોખ્ખાં મેડી ગોખ.
ચોખ્ખાં ઘર, કપડાં થકી,
માણસ બહુ સોહાય,
શરીર ચોખ્ખું રાખીએ,
રોગ કદી નવ થાય.
નાહ્યેથી તન સાફ રહે,

સાચેથી મન સાફ.
મન, તન, ઘર છે સાફ,
દૂર રહે નિત પાપ.

# ઢિંગલી મેં તો બનાવી મઝાની

ઢિંગલી મેં તો બનાવી મઝાની
તૈયાર એને હવે કરવાની.
એનું ઝભલું સીવડાવવા દરજી પાસે જાઉં
દરજીભાઈ દરજીભાઈ ઝભલું સીવી દો,
લાલ પીળા ઓઢણામાં આભલા જડી દો ... ઢિંગલી

એના ઝાંઝર બનાવવા સોની પાસે જાઉં
સોનીભાઈ સોનીભાઈ ઝાંઝર બનાવી દો
મોતીની માળા ને બંગડી ઘડી દો ... ઢિંગલી

એની મોજડી સીવડાવવા મોચી પાસે જાઉં
મોચીભાઈ મોચીભાઈ મોજડી સીવી દો,
લાલ મખમલની મોજડી સીવી દો ... ઢિંગલી

એને સુંદર બનાવવા મમ્મી પાસે જાઉં
મમ્મી મમ્મી પાવડર લગાવી દો,
આંખે આજણ ગાલે લાલી લગાવી દો ... ઢિંગલી

એનો ગજરો ગૂંથાવવા માળી પાસે જાઉં
માળીદાદા માળીદાદા ગજરો બનાવી દો,
મોગરા ગુલાબનો ગજરો બનાવી દો ... ઢિંગલી
એને હોંશિયાર બનાવવા બેન પાસે જાઉં
બેન ઓ બેન લખતાં શીખવાડી દો,
એક બે ત્રણ ચાર ગણતાં શીખવાડી દો ... ઢિંગલી
ઢિંગલી મેં તો બનાવી મઝાની
તૈયાર એને હવે કરવાની.

# દાદાનો ડંગોરો લીધો

દાદાનો ડંગોરો લીધો,

તેનો તો મેં ઘોડો કીધો.

ઘોડો ચાલે રૂમઝૂમ,

ધરતી ધ્રૂજે ધમધમ

ધમ ધમ ધરતી થાતી જાય,

મારો ઘોડો કૂદતો જાય,

કૂદતાં કૂદતાં આવે કોટ,

કોટ કૂદીને મૂકે દોટ !

# નાની મારી આંખ

નાની મારી આંખ એ જોતી કાંખ કાંખ
એ તો કેવી અજબ જેવી વાત છે...
નાક મારું નાનું એ સૂંઘે ફૂલ મજાનું
એ તો કેવી અજબ જેવી વાત છે...
નાના મારા કાન એ સાંભળે દઈને ધ્યાન
એ તો કેવી અજબ જેવી વાત છે...
નાનું મોઢું મારું એ બોલે સારું સારું
એ તો કેવી અજબ જેવી વાત છે...
આંગળી મારી લપટી એથી વગાડું ચપટી
એ તો કેવી અજબ જેવી વાત છે...
નાના મારા હાથ એ તાળી પાડે સાથ
એ તો કેવી અજબ જેવી વાત છે...
પગ મારા નાના એ ચાલે છાનામાના
એ તો કેવી અજબ જેવી વાત છે...
એ તો કેવી અજબ જેવી વાત છે...
એ તો કેવી અજબ જેવી વાત છે...

# પા પા પગલી

પા પા પગલી,

મામાની ડગલી.

મામાની ડગલી,

હીરાની ઢગલી.

હીરા ઊછળિયા,

આભલે અડિયા.

આભલે અડિયા,

તારલા બન્યાં!!

# પાંખ મળી જાય

પેલા પંખીને જોઈ મને થાય,
એના જેવી જો પાંખ મળી જાય,
તો આભલે ઊડ્યા કરું,
બસ! ઊડ્યા કરું,
બસ! ઊડ્યા કરું!

ઘડિયાળમાં દસ વાગ્યા, મમ્મી ખોળવાને આવે,
પપ્પા ખોળવાને આવે, એશુ કયાં? એશુ કયાં?
પેલા ડુંગરાની ટોચે, મારી પાંખ જઈને પહોંચે!
મમ્મી ઢીંગલી જેવી! પપ્પા ઢીંગલા જેવા!.
નાના નાના નાના નાના, જોઉં હું તો છાના માના.

# પ્રાણીઓની ગાડી

જંગલ કેરા પ્રાણીઓની છુક છુક ગાડી ચાલી...

સૌથી આગળ કાળો હાથી, એંજીન એ કહેવાય.
હાથી ઉપર બેઠું સસલું, ડ્રાઈવર એ કહેવાય,

મોટાં મોટાં ફળ એ હાથીને દેતું જાય.
જંગલ આખું ધમધમ થાતું, પક્ષીઓ હરખાય.

લાંબી ડોકે જીરાફભાઈ જંગલ જોતા જાય,
વરુ અને શીયાળ એના પગમાં અથડાય;

કાણી આંખે કાગડાભાઈ જંગલ જોતા જાય,
હરણ અને સાબર એ તો ઠેકડા મારતા જાય.

કોટ પહેરી વાંદરાભાઈ ડબ્બે ડબ્બે જાય,
પાંદડાની ટિકિટ તપાસે, ચેકર એ કહેવાય;

સૌની આગળ ઝંડી લઈને રીંછભાઈ જાય;
પી-પી સીટી વગાડી, ગાડી ઊપડી જાય.

# બા મેં તો બાગમાં બાંધી નિશાળ

બા મેં તો બાગમાં બાંધી નિશાળ,
ભણવાને આવે છે ચકલીઓ ચાર,
બા મેં તો બાગ માં બાંધી નિશાળ.

નાની ખિસકોલી ભણવામાં પહેલી,
આવે છબીલી એતો સૌથી એ વહેલી,
જરા ના બોલે એ સૌથી શરમાય,
જરા ના બોલે એ સૌથી શરમાય,
બા મેં તો બાગ માં બાંધી નિશાળ.

કલબેલી કાબર ને છેલ્લે હું કાઢું,
કચ કચ કરે તો એને આંખો દેખાડું,
જરા ના મારુ હું ખોટો એ માર,
જરા ના મારુ હું ખોટો એ માર,
બા મેં તો બાગ માં બાંધી નિશાળ

# ભઈલો મારો ડાહ્યો

હાલા રે વાલા, મારા ભઈલાને,
હાં…હાં…હાં…હાં

ભઈલો મારો ડાહ્યો,
પાટલે બેસી નાહ્યો,
પાટલો ગયો ખસી,
ભઈલો પડ્યો હસી,
હાલા રે વાલા મારા ભઈલાને,
હાં…હાં…હાં…હાં

ભાઈ મારો છે સાગનો સોટો,
આવતી વહુનો ચોટલો મોટો,
ભાઈ મારો છે વણઝારો,
એને શેર સોનું લઈ શણગારો,
હાલા રે વાલા મારા ભઈલાને,
હાં…હાં…હાં…હાં

હાલા રે વાલા મારી બેનડીને,

હાં...હાં...હાં...હાં

બેની મારી છે ડાહી,

પાટલે બેસીને નાહી,

પાટલો ગયો ખસી,

બેની પડી હસી,

હાલા રે વાલા મારી બેનડીને,

હાં...હાં...હાં...હાં

બેની મારી છે લાડકી,

લાવો સાકર ઘીની વાડકી,

ખાશે સાકર ઘી મારી બેની,

ચાટશે વાડકી મિયાંઉ મીની,

હાલા રે વાલા મારી બેનડીને,

હાં...હાં...હાં...હાં

# મામાનું ઘર કેટલે

મામાનું ઘર કેટલે,
દીવા બળે એટલે,
દીવા મેં તો દીઠા,
મામા લાગે મીઠા.

મામી મારી ભોળી,
મીઠાઈ લાવે મોળી,
મોળી મીઠાઈ ભાવે નહિ,
રમકડાં તો લાવે નહિ.

# રાતી રાતી ચણોઠડી ને બીજું રાતું બોર

રાતી રાતી ચણોઠડી ને બીજું રાતું બોર;

ત્રીજું રાતું ચોળિયું ને દુખિયું રાતું ચોળ.

કાળો કાળો કામળો ને બીજો કાગ;

તેથી કાળા મોવાળા ને ચોથો કાળો નાગ.

ધોળું ધોળું પતાસું ને તેથી ધોળું રૂ;

તેથી ધોળો રૂપિયો ને સૌથી ધોળું દૂધ.

પીળી પીળી હળદરડી ને બીજા પીળા પાન;

તેથી પીળો કેસરી ને ચોથું સોનું જાણ.

# વારતા રે વારતા

વારતા રે વારતા,
ભાભો ઢોર ચારતા,
ચપટી બોર લાવતા,
છોકરાઓને સમજવતા.

એક છોકરો રિસાણો,
કોઠી પાછળ ભિંસાણો,
કોઠી પડી આડી,
છોકરે રાડ પાડી,
અરરર માડી.

# કહે નેપોલિયન દેશને

કહે નેપોલિયન દેશને

કરવા આબાદાન

ભલું ભણાવો પુત્રીને

તો શાણી થાનાર.

# કાણાને

કાણાને કાણો નવ કહીએ

કડવા લાગે વેણ

હળવે રહીને પૂછીએ

શેણે ખોયા નેણ?

# મૂળ રંગ

લાલ પીળો ને વાદળી
એ મૂળ રંગ કહેવાય
બાકીના બીજા બધાં
મેળવણીથી થાય.

# વિચાર્યું ના

વિચાર્યું ના લઘુ વયમાં
પછી વિદ્યા ભણ્યાથી શું ?
ખરે વખતે ન કીધું તું
પછી કીધું ન કીધું શું